ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

હવે ! બ્રહ્મસમાજ માગે તો એનેય મનાવી લ્યો!
જે કોઈ માગે તેને 'આયોગ'થી મૂર્ખ બનાવી દો!
બનાવ્યાં અનેક - કોને દીધાં ને તમે રહી ગયાં ?!
વચનનાં વડાં અને લોલીપોપ પીવડાવી દો !!

હાઈકુ

લ્યો ! જાગ્યા હવે -
ખાધું બગાસું 'સિંહે'
ને ખૂલ્યું મોઢું ?!
(હવે હિંમત આવી?)
(યશવંત સિંહા)

લ્યો ! મૂકો હવે -
પાટીદાર પડતા -
ઠાકોર છે ને !!
(તૂં નહીં ઓર સહી...)

### ચિંતન

શ્લોકસ્તુ શ્લોકતાં યાત્રિ યત્ર તિષ્ઠન્તિ સાધવઃ ।
લકારો લુપ્યતે તત્ર યત્ર તિષ્ઠન્ત્ય સાધવઃ ॥

ઉપરોક્ત શ્લોક સુભાષિત રત્ન ભાંડાગારમાંથી લેવામાં આવેલ ચે.

જ્યાં સારા માણસો રહેલા હોય ત્યાં (બોલાયેલો) શ્લોક શ્લોક્ત (કિર્તન) ને પામે છે. જ્યાં દુર્જન હોય ત્યાં શ્લોકમાંથી લકારનો લોપ થઈ જાય છે. અર્થાત્ દુર્જનોમાં લોબાયેલો શ્લોક શોકરૂપ બની જાય છે.

સજ્જન અને દુર્જનની સભામાં બોલતાં પહેલાં ખૂબ વિચાર કરવો સજ્જન લોકો આપણા શબ્દોને ભૂલ થાય છતાં હકારાત્મક લે છે અને દુર્જન લોકો આપણો ઈરાદો પણ ન હોય એવો અર્થ કાઢી આપણને દુઃખી કરે છે.

### સુવિચાર

- હર તરહ સે મુઝે તરાશા જાયે, ઈન્સાન જૈસા નિકાલા જાયે, ઈન્સાન જૈસા નિકાલા જાયે - **ગીતેશ મહેતા**
- ઘર આખું ભલે સોશિયલ મીડિયા પર હોય પણ સોશિયલ મીડિયા એ ઘર તો નથી જ - **રીઝવાન ગુજરાતી**
- માણસ જેટલો સારા દેખાવાનો પ્રયત્ન કરે છે એટલો જ પ્રયત્ન માણસ તરીકે દેખાવાનો પણ કરવો જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- નિયતનો પુરાવો અપાતો હોય તો સમજવું કે કયાં તો માણસ ખોટો છે કાં તો નિયત ખોટી છે - **ભૂપત વડોદરિયા**
- શબ્દોની ગુલામી કદાચ માન્ય રહે પરંતુ શબ્દોથી ગુલામી અસ્વીકાર્ય - **શાશ્વત ગાંધી**
- રમત જીતી 'ગેમ્બલર' સાબિત થઈ શકો પરંતુ 'ગેમ ચેઈન્જર' થવા દિલ જીતવા પડે - **હીરેન ભટ્ટ**
- આજનું ઔષધ : કાંદો અને ગોળ રોજ ખવડાવવાથી બાળકની ઊંચાઈ વધે છે

(સંકલન : દિપક વી. આશરા)

### બોધકથા

લોકમાન્ય તિલકને મુંબઈથી ગિરફતાર કરવામાં આવ્યા. એ પહેલા પૂન સ્ટેશનેથી મુંબઈ જતી ટ્રેનમાં બેસવા તેઓ આવ્યા. ત્યારે જો એક માણસે એમને એવી ખબર પાડી કે મુંબઈ જવાનું ટાળો તો સારું ત્યાં તમારી ધરપકડ થઈ શકે છે. આજે પૂના ઘરે બેસી રહેવામાં જ સલામતી છે.

ત્યારે ટિળક મહારાજે કહ્યું, 'ઘેર જઈને શું લશ્કર વગેરે સામગ્રી ભેગી કરવાની છે કે કિલ્લેબંધી કરવાની છે? અંગ્રેજોએ તો આખા દેશની જેલ જ બનાવી દીધી છે, એટલે એક મોટા ઓરડામાંથી મને નાના ઓરડામાં લઈ જશે એટલું જ ને? તે માટે તૈયારી શી કરવાની ??'

આમ કહી પૂનાથી મુંબઈ જતી ટ્રેનમાં ચડી ગયા.

# રેલતંત્રમાં પણ વિકાસ ગાંડો થયો

તંત્રીસ્થાનેથી...

ભારતીય રેલતંત્રની પનોતી ચાલી રહી હોય એવું નથી લાગતું? નીતીશકુમાર, લાલુ પ્રસાદ યાદવ અને મમતા બેનરજી જેવા રેલમંત્રીઓએ મળેલી સફલતા સામે મોદી મંત્રીમંડળના સુરેશ પ્રભુ પેલા 'નીટ એન્ડ ક્લીન' તથા 'એફિશિયન્ટ' રેલમંત્રીને કેવી બદનસીબીનો સામનો કરવો પડ્યો તે સર્વવિદિત છે. સુરેશ પ્રભુએ રેલતંત્રના ધરમૂળ સુધારા કરવાના પ્રયાસો હાથ ધર્યા હતા. પરંતુ કેટલાક દેખીતા ફેરફારો અને રેલવે સ્ટેશનોની સ્વચ્છતા તથા ડિઝિટલાઈઝેશન અને કોમ્પ્યુટાઈરેઝેશન છતા સૌથી અગત્યની ગણાય તે સલામતીનો મુદ્દે તેઓ સદંતર નિષ્ફળ રહ્યા. વારંવાર રેલવે અકસ્માતોની વણઝાર સરજાતી રહી જેના કારણે એમને પદ ગુમાવવું પડ્યું. રેલવેને ઉડ્ડયન વિભાગ સાથે સાંકળવાની કહેવાતી તઘલખી યોજના અને અમદાવાદ-મુંબઈ વચ્ચે જાપાનની મદદથી બુલેટ ટ્રેન દોડાવવાની મોદી રાજની મહત્ત્વાકાંક્ષી યોજનાના સમાચારોની શાહી સુકાય તે પહેલાં મુંબઈના પરેલ રેલવે સ્ટેશન ઉપરના ફૂટ બ્રિજની હૃદયદ્રાવક દુર્ઘટના બની છે. મુંબઈની લાઈફલાઈન ગણાણી ટ્રેન સેવાને કારણે લાખો નાગરિકોની અવરજવર રહ્યા કરતી હોય ત્યારે તંત્રની જવાબદારી બની રહે કે એ બધા સલામત રીતે હરફર કરી શકે એવી વ્યવસ્થા ઊભી કરે. પરેલનો ફૂટ બ્રિજ તૂટી પડ્યો નથી, પરંતુ લોકોમાં એવી અફવા પણ ઊભી થઈ એનું એ જ કારણ કે પુલ વરસાદના કારણે થયેલી ભારે ભીડની ઝીંક ઝીલી શકશે નહીં એવી આશંકા દરેકના મનમાં ઘર કરી ગઈ આથી ભાગદોડ મચી ગઈ જેના પરિણામે ડઝનબંદ માણસો કચડાઈ મર્યા અને એથી વધુ સંખ્યામાં ઘાયલ થયા. ભારત વસતિથી ખદબદતો દેશ છે એટલે આટલાં માણસો એકસામટાં મરી જાય ેની જાણે કોઈને કશી જ અસર થતી નથી હોતી.

ફક્ત કર્મકાંડ લેખે રાજકીય સત્તાધારીઓ સ્થળની મુલાકાત લેવા દોડી આવે, તપાસ નિકાઈ જાય, મરનારનાં સ્વજનોને 'સંતોષકારક' વળતર ચૂકવવાની જાહેરાત થઈ જાય - એટલે આખું પ્રકરણ પૂરું. લોકોને રેલપ્રવાસ વગર ચાલવાનું નથી; એટલે એનો બહિષ્કાર કરવાની કે તંત્ર અને સરકાર વિરુદ્ધ આવા મુદ્દે ઊહાપોહ ચલાવવાની કોઈની તૈયારી હોતી જ નતી. અખબારો અને ચેનલો એક બે દિવસ આ મુદ્દે નુક્તેચીની કરી નવી હૉટ સ્ટોરીઝની શોધમાં પડી જાય છે. પ્રજાના પ્રશ્નોમાં સૌથી પહેલું સ્થાન સલામતીનું હોવું જોઈએ. રેલતંત્ર આ બાબતે સરિયામ નિષ્ફળ રહ્યું છે. બાબા આદમના જમાનાના બ્રિજ અને એવાં જ પ્લેટફોર્મના આધુનિકીકરણ મુદ્દે મોદીરાજ કશું જ નથી કરી શકી તે આ દુર્ઘટનાથી સાબિત થઈ ગયું છે. બીજી તરફ એ જ મોદી રાજ ભારતમાં દોડતી ટ્રેનોની ઝડપ વધારવાની અને બુલેટ ટ્રેન ચલાવવાની જાહેરાતો કરતું રહ્યું છે. આ વિપર્યાસ સરવાળે તો શાસન પ્રત્યેની લોકપ્રતીતિમાં ઘટાડો જ નોંધાવે છે. રેલવેનું વિશ્વનું સૌથી વિશાળ નેટવર્ક ધરાવતા હિંદુસ્તાન જેવા દેશમાં અંગ્રેજોએ ૧૮૫૭ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામ પછી ઊભું કરેલું તંત્ર 'આધુનિક' બને એ તો સૌને ગમે. અમદાવાદથી મુંબઈનું અંતર બે કલાકમાં જ કાપી શકે એવી બુલેટ ટ્રેનનો મોહ દેશના અન્ય વિસ્તારોને પણ રહેશે. પરંતુ ખાટલે મોટી ખોડ કે માણસોની ભારે અવરજવરને સુરત્રા પૂરું પાડતું ઈન્ફ્રાસ્ટ્રકચર આજપર્યંત ઊભું નથી થઈ શક્યું તેની પ્રતીતિ પરેલ રેલવે સ્ટેશન પરના ફૂટ બ્રિજની દુર્ઘટનાને કરાવી છે. આ મુદ્દો મોદી સરકારના વિકાસના દાવાઓ સામે પણ પડકાર સમાન છે. પછી કોઈ એમ કહેવા પ્રેરાય કે રેલતંત્રમાં પણ 'વિકાસ ગાંડો થયો છે' તો નવાઈ નહીં!

# બાળ કેળવણી કેવી રીતે કરશો....



નવોદિત કલમ

ગોપી દરબાર

લગભગ બધાં જ માબાપની મૂંઝવણ હોય છે કે, બાળકોને કઈ અને કેવી રીત કેળવવાં ? આનાં માટે વાલીઓ સારી તથા મોંઘી શાળાઓ તરફ દોટ અથવા મીટ માંડે છે. તેમના મતે સારી શાળાઓમાં મૂકવાથી આ પ્રશ્ન હવે હલ થઈ જતી હોય એવું એમને લાગે છે. સાથે - સાથે આજનાં ભણેલા-ગણેલા વાલીઓ જીવનનાં શિક્ષણ કરતાં કારકિર્દી પર વધારે મહત્ત્વ આપે છે.

પરંતુ વાસ્તવિકતા તો એવી છે કે બાળક ગમે તેટલું ભણે પણ એનામાં જીવનનાં જરૂરી મૂલ્યો વિશેની સમજણ ના કેળવાય તો એની કોઈ કિંમત નથી. જેમ્સ એન્જલ નામનાં ચિંતકે કહ્યું છે કે 'રોટલો કેમ કમાવો તે નહીં પણ દરેક કોળિયાને વધુ મીઠો કેમ બનાવવો તેનું જ્ઞાન તથા સમજણ આપણી એ સાચી કેળવણી છે.'



બાળક, ઈશ્વરનું વરદાન છે અથવા સાક્ષાત તેનામાં ઈશ્વર એ વાત ખરી જ છે પણ આ વાત કયારે સાર્થક થાય ? કેવી રીતે કરી શકાય જો બાળકને આગળ જતાં તેનું જીવન જીવનને લાયક બનાવી શકીએ તો તે સાચી કેળવણી છે. આજે મોટા ભાગના વાલી વર્ગ બાળકને ભણાવામાં સફળ છે પણ ગણાવી નથી શકતા. આજે આપણા સમાજમાં ઘણા બધાં દૂષણો છે અને એવી ઘણી અસામાજિક પ્રવૃત્તિઓ જે આપણને ભણેલાં એટલે કે શિક્ષિત વર્ગ તરફથી જોવા મળે છે. આજનું યુવાધન આપણને દિશાહીન જોવા પણ મળે છે. આના પાછળનું મુખ્ય કારણ શું ? આજનો યુવાવર્ગ આપણું ભવિષ્ય છે. પરંતુ માતા-પિતા તરફથી બાળકની અંદર કયું બીજ રોપવું એ નક્કી નથી કરી શકાતું. જોવા જઈએ તો બાળક એ એવી જમીન છે, જેમાં પાક લહેરાવાની સો ટકા શકયતા છે. બાળકને નાનપણથી જ સ્વપ્ન જોતા કંઈક બનાવાની, કંઈક કરવાની ઊંડી ઈચ્છા- ઉત્કટ ઝંખના શીખવવામાં આવે તો પરિણામ ખૂબ જ સારાં જોવા મળી શકે છે.

આ પહેલ માતા-પિતા એ જ કરવાની છે કેમ કે બાળકનું હૃદય અને મન કોમળ છે અને એ પણ વાસ્તવિકતા છે કે આજની મુશ્કેલ ભરી સ્થિતિમાં બાળકો જ આપણું ભવિષ્ય છે. એને મદદગીરીના, સહિષ્ણુતાના તથા ભાઈચારાના પાઠ શીખવીશું તો આપણું જગત સુરક્ષિત રહેશે. સુરક્ષા મેળવવા માટે સુરક્ષા કરવી પડે છે અને આ ભાવના કોમળતા સિવાય આવતી નથી.

આ સાથે જે કેળવણી બાળકને આપવાની છે તે છે દરેક માણસની કિંમત કરવાની કેળવણી, માણસ માત્રનો આદર કરવાની સમજણ જો બાળકમાં કેળવાશે તો તે કયારેય ઘાતકી કે ક્રૂર નહીં બને. તે ગમે તેટલો મોટો બની જશે, પણ તેનામાં નાના માણસો પ્રત્યે આદર, સન્માન અને પ્રેમ રહેશે. જે તેને જીવનની સફળતા અપાવશે.

આથી બાળક પ્રેમ શીખે, આદર સન્માન શીખે, મહેનત શીખે, વાણી અને વિવેક શીખે, મદદ કરતાં તથા માપ કરતાં અને દુઃખની પળમાં પણ ખુશ રહેતાં અને રાખતાં શીખે તો એ તેની કારકિર્દી સાથે જીવન ઘડતર થયું કહેવાય.

# સાહિત્ય પરિષદ : અકાદમી; અધ્યક્ષ અને યુગ પરિવર્તન



મોરપીંછના રંગ

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

છેલ્લા બે ત્રણ વર્ષથી ગુજરાતી સાહિત્યમાં સર્જન ક્ષેત્રને બાદ કરતા બાહ્ય તમામ ક્ષેત્રોમાં ધરખમ વિવાદો અને ફેરફારો થઈ રહ્યા છે. જો કે આ ફેરફારોમાં સૌથી મોટો ફેરફાર એ થયો કે મોટાભાગની જનતાને ખબર પડી ગઈ કે ગુજરાતમાં સાહિત્ય ક્ષેત્રે કામ કરતી બે મોટી સંસ્થાઓ છે અને બન્ને એકબીજા સાથે ઝગડી રહી છે. મામલો છેક હાઈકૉર્ટ સુધી ગયો છે. બીજું એ થયું કે જે જનતા મોટાભાગના સહિત્યકારોને ''મહાન'' સમજતી હતી સમદષ્ટા, સંવેદનશીલ અને ભાઈચારામાં માનનારા સમજતી હતી તે બધા સાવ ક્ષુલક, ભેદભાવ ( અને વેરભાવ ) વાળા, જૂથવાદી, તકવાદી, અસંવેદનશીલ અને લઘુદૃષ્ટા નીકળ્યા. જેથી પ્રજાનો મહદ અંશે ભ્રમ ભાંગી ગયો. બધાનો સાચો ચહેરો સામે આવી ગયો. પોતાની સાહિત્યિક રચનાઓમાં સમદષ્ટિ, સમભાવ, સંવેદના, આદર્શ અને એકતાની વાતો લખનારા એકબીજા સામે લડીને વામળા પૂરવાર થયા. આ માત્ર મારા વ્યક્તિગત વિચાર નથી પણ અનેક સાહિત્યિક કાર્યક્રમોમાં શ્રોતા – ભાવકો તરફથી મળેલા અભિપ્રાયો છે. વર્ષ – ૨૦૧૫ના એપ્રિલમાં રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદે નિવૃત સચિવ અને કવિશ્રી ભાગ્યેશ જહાની નિમણુંક થઈ ત્યારથી આ યુગ પરિવર્તનનો શંખનાદ ફૂંકાયો છે. જો કે આ અગાઉ પણ સાહિત્યિક ક્ષેત્રે જૂથવાદ – એકબીજાના વાસા પંપાળવાની અને થાબડવાની પ્રવૃતિઓ પડદા પાછળ ચાલતી જ હતી. પરંતુ એ માત્ર ચલાવનારા અને બીજા એનો ભોગ બનનાર સિવાય ત્રીજું કોઈ સાહિત્યકાર કે પ્રજા જાણી શકતું નહીં. જે આ બધું આ અઢી વર્ષમાં સપાટી પર આવવા લાગ્યું છે.

ભારત દેશની સ્વતંત્રતા માટે અનેક ક્રાંતિવીરોએ અંગ્રેજ હકુમત સામે વીરતાપૂર્વક લડીને શહિદી વહોરી હતી અને ગાંધીજીએ બિલકુલ અહિંસક રીતે આંદોલન ચલાવી લડત આગળ વધારી અને સફળ થયા. આનો મતલબ એવો નથી કે આગળની હિંસક લડાઈ યોગ્ય નહોતી. એ સમયે એ જરૂરી હતું. ઘણી વખત વાત સાચી હોય પણ એને રજુ કરવાની રીત ખોટી હોય તો પણ સાચી વાત દબાઈ જતી હોય છે. ઘણા ભાવકો અને સર્જકો કહે છે કે અકાદમીની સ્વાયત્તતાની વાત સાચી હતી પણ એની સામે લડવાની રીત ખોટી હોવાથી સફળ ના થયા. જે સાહિત્યકારો સમાજ સામે આદર્શ પ્રસ્તુત કરતા હોય, મોટી મોટી કૉલમોમાં ભાઈચારા – એકતાની વાતો લખતા હોય અને તેઓ જ સ્વાયત્તતાની વાતે છેક હાઈકૉર્ટ પહોંચે ? આ કેવી વેરભાવના ? અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા હોય કે શ્રી વિષ્ણું પંડ્યા હોય કે હવે એમના પછી નિયુક્ત થનાર ત્રીજા અધ્યક્ષ હોય – તેઓ છે તો આપણામાંથી જ એક ને ? સરકાર નિયુક્ત કરે એમાં એમનો શું વાંક ? એમના નામ સામે, એમના કામ સામે આવો તિરસ્કાર શા માટે ? ખરેખર તો આ સ્વાયત્તતાની લડત એમને સાથે રાખીને જ, એમની સાથે ચર્ચા વિચારણાઓ કરીને જ કરવાની જરૂર હતી. તો આજે આનો ઉકેલ પણ આવી ગયો હોત. પહેલો રસ્તો તો એ નીકળેત કે અધ્યક્ષ ભલે તેઓ જ રહ્યા પણ કાર્યવાહક સમિતિ, માર્ગદર્શક મંડળ, સંપાદક મંડળ, સલાહકાર સમિતિ વગેરે બધુ સાથે મળીને કરાયું હોત અને છ બાર મહિનામાં અકાદમીનું નવું કાયમી મતદાર મંડળ પણ બનાવી શકાયું હોત અને નિમણુંક પામેલ અધ્યક્ષની નિમણુંકનો સમય પૂરો થવાના ત્રણેક મહિના અગાઉ સરકારની મંજુરી લઈને ચૂંટણી યોજી શકાઈ હોત. જો આમ થયું હોત તો સરકારની, નિયુક્ત અધ્યક્ષની, પરિષદ – અકાદમીની અને બધા જ સાહિત્યકારોની ગરિમા જળવાઈ હોત. અને બધા સાથે મળીને ભાઈચારાથી એકબીજાને માન સન્માન આપી સાહિત્યિક પ્રવૃતિઓ કરતા હોત. પણ એના બદલે અખબારોમાં બયાનબાજી, પત્રબાજી, રાજીનામાબાજી, આવેદનબાજી થતી ગઈ અને વાત વણસતી ગઈ. ક્યાંક વ્યક્તિગત અહમો કામ કરી ગયા ક્યાંક ઈર્ષાઓ બળવત્તર બની તો ક્યાંક સત્તાની લાલચ ખુલ્લી પડી. આ વાત હતી આખા પચાસ સો સાહિત્યકારો વચ્ચેની જે ગુજરાતની છ કરોડની જનતાએ જાણી અને ધિક્કારી, સત્યની પ્રસ્તુતિ નકારાત્મક રીતે થાય તો એ સત્ય બહાર આવી શકતું નથી. હજી પણ આ ઉપર જણાવેલી રીતથી સૌ સાથે મળીને સંવાદથી આ પ્રશ્ન ઉકેલી શકાય છે.

હવે બીજી તરફ હાલ પરિષદના પ્રમુખની ચૂંટણી છે. જેમાં પરિષદના પ્રમુખ તરીકે સૌથી વધુ યોગ્ય હતા તેવા કવિશ્રી હરિકૃષ્ણ પાઠક જ નીકળી જતા હવે માત્ર શ્રી બળવંત જાની અને સિતાંશુ યશશ્ચન્દ્ર મેદાનમાં છે. ચૂંટણી એ લોકશાહીનું હૃદય છે. દુનિયાની સૌથી મોટી લોકશાહી આપણા દેશની છે. અને લોકશાહીને કારણે દેશમાં જૂથપ્રથા પણ ઊભી થાય છે. પાર્ટીવાદ જન્મે છે. રાજનીતિમાં તો સારું છે કે ચૂંટણી પછી બધા બધું ભૂલીને સાથે જમે છે પણ સાહિત્યમાં એવું બનતું નથી. એક વખત એક જૂથનું લેબલ લાગી ગયું એટલે બીજા, ત્રીજા જૂથવાળા હંમેશાં ધ્યાનમાં રાખતા હોય છે. જેની અસર પુરસ્કારો, સંપાદનો, સમારોહ કે કૃતિ પસંદગીમાં પડતી હોય છે. અને કદાચ એટલે જ પરિષદમાં મોટેભાગે સર્વસંમતિથી પ્રમુખની નિમણુંક કરાતી હતી. જેને ઘણાય મિત્રો પરિષદ પર એક હથ્થા શાસનની વાત કરીને વિરોધ કરે છે. પણ છેલ્લા થોડા વર્ષોનો ભૂતકાળ જોઈએ તો શ્રી કનૈયાલાલ મુનશી, શ્રી ઉમાશંકર જોશી કે શ્રી રઘુવીર ચૌધરી હોય. એમની દરખાસ્તથી સર્વ સ્વીકૃત રીતે પસંદગી પામેલા પ્રમુખોની યાદી જોવાથી એક પણ નામ

અનુસંધાન પાના નં. ૭ પર

# હવે 'ઓસ્કાર'ની શોધ કરશે આપણો 'ન્યુટન' ...!



રઝળપાટ

અજય ઉપાધ્યાય

'મેરે સે ભી બહુત પહેલે એક ન્યુટન થા,પઢાઈ કરતે વક્ત ઉસકી કોઈ બાત સમજ મેં નહિ આઈ, લેકિન અબ કામ કરતે વક્ત આ રહી હૈ કી જબ તક કુછ નહિ બદલોગે ના દોસ્ત તબ તક કુછ નહિ બદલેગા' છે ને ચોટદાર સંવાદ ...પણ વેઈટ આ કોઈ બોલીવુડીયા ગ્લોસી મુવીનો તાલીમાર ડાયલોગ નથી પણ આ તો છે ઘણા વર્ષે બનેલી અને સટીક સંદેશો આપતી પોલીટીકલ સેટાયર લેટેસ્ટ હિન્દી મુવી 'ન્યુટન' નો સંવાદ. જી હા ૨૦૦૨ મા પ્રતિષ્ઠિત ઓસ્કાર એવોર્ડમાં બેસ્ટ ફોરેન લેન્ગવેજ ફિલ્મ કેટેગરી માટે લાસ્ટ ફાઈવ અથવા તો ટોપ ફાઈવમાં સિલેક્ટ થયેલી અને એવોર્ડ જીતી ગયેલી બોસ્નિયાની ફિલ્મ 'નો મેન્સ લેન્ડ' ની પ્રતિસ્પર્ધી આમીરખાનની ' લગાન' પછી છેક ૧૫ વર્ષે ઈન્ડીયન સિનેમાને ઓસ્કારની આશ જગાવનારી રાજકુમાર રાવ, પંકજ ત્રિપાઠી અને રઘુવીર યાદવ જેવા સક્ષમ કલાકારોના ઉત્કૃષ્ટ અભિનયવાળી 'ન્યુટન' આ વખતે ઓસ્કારમાં ભારત તરફથી ઓફિસિયલ એન્ટ્રી છે.

ખતરનાક નક્સલવાદી ઈલાકામાં ચૂંટણી કરાવવાની સરકારી ફરજ પર રહેલો એક ચૂંટણી અધિકારી અને ચૂંટણી ફરજ પર હાજર પણ સલામત અને સફળ મતદાન થઈ શકશે કે કેમ એ વિષે શંકા ધરાવતા મિલેટ્રી ઓફિસર વચ્ચે આકાર લેતી ચૂંટણીલક્ષી રાજકીય ઘટનાઓને સમાવતી આ ફિલ્મ અચાનક જ ભલે આપણા જેવા બોલીવુંડીયા ચાહકો માટે ઓસ્કારના સમાચાર સાથે જ લાઈમલાઈટમા આવી હોય પણ હકીકતે ઓસ્કારમાં એન્ટ્રી માર્યા પહેલા આ ફિલ્મે ફેબ્રુઆરીમાં બર્લિન ફિલ્મ ફેસ્ટીવલમાં ફોરમ સેગમેન્ટમાં બેસ્ટ ફિલ્મનો, એપ્રિલમાં હોંગકોંગ ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટીવલમાં યંગ સિનેમા માટેનું જ્યુરી પ્રાઈઝ અને ટ્રીબેકા ફિલ્મ ફેસ્ટીવલમાં બેસ્ટ ઈન્ટરનેશનલ નેરેટીવ ફિલ્મના ઈનામો જીતી લીધેલા છે . મતલબ કે એકાદ વર્ષથી જગતભરમાં વખાણાતી આ ફિલ્મે છેક હવે આપણું ધ્યાન ખેચ્યું છે . અમથુય આપણે મસાલા ફિલ્મોના ચાહકો વધુ છીએ એટલે ઓલમોસ્ટ આર્ટ ફિલ્મ કહી શકાય એવી આ ન્યુટન આપણા ધ્યાનમાં મોડી આવે એમાં શું નવાઈ ? જો કે ઓસ્કારનો ચમત્કાર ગણો કે જે ગણો એ પણ ટ્રેડ એનાલીસ્ટ તરુણ આદર્શના કહેવા મુજબ હમણાં જ રીલીઝ થયેલી ન્યુટને છેલ્લા સમાચાર મળ્યા ત્યાં સુધી લગભગ ૧૦ કરોડનો વકરો કરી લીધો છે અને હજુ પણ વધુ કમાણી કરી શકે છે કેમકે ફિલ્મ ઉત્કૃષ્ટ તો છે જ પણ જોઈ આવેલા દર્શકોની માઉથ પબ્લીસીટી આ ફિલ્મને વધુ કામિયાબ બનાવશે જ અને આ કમાણી એટલા માટે અગત્યની છે કે 'ન્યુટન' અંદાજે ફક્ત ૫-૮ કરોડના બજેટમાં જ બનેલી છે. ચાલો ખુશી થઈ કે મિનીંગફૂલ સિનેમાના સારા દિવસો આવી રહ્યા છે ...!!!

દુનિયાના સૌથી મોટા લોકશાહી દેશ ભારતમાં ફારસ બનતી જતી ચૂંટણી પ્રક્રિયાની આજુબાજુ ફરતી ફિલ્મ 'ન્યુટન' મા એ બધું જ છે જે રીયલ ઈન્ડીયાના દર્શન કરાવે છે, જે દર્શકોને વાસ્તવિકતાથી રૂબરૂ કરાવે છે. છાપા-ટીવીમાં જોવાતા નક્સલ પ્રભાવિત ઈલાકાઓની જીવંત તસ્વીર બતાવે છે તો સાથે સાથે મતદાન લોકશાહી માટે કેટલું અગત્યનું છે એનો સંદેશો પણ આપે છે. ફક્ત ૭૬ આદિવાસી મતો ધરાવતા મતદાનકેન્દ્ર પર આકાર લેતી ઘટનાઓની સાથેસાથે આદિવાસીઓના પ્રશ્નો, એમનો ડર, એમની અજ્ઞાનતાનું આબેહુબ ચિત્રાણ, બાળવિવાહ અને સાથે સાથે જંગલનારીયલ લોકેશનનો કમાલ ભલે થોડી ધીમી હોવા છતાં આ ફિલ્મને એક 'મસ્ટ વોચ' ફિલ્મ તો બનાવે જ છે . રાજકુમાર રાવ અને બીજા કલાકારોનો ઉમદા અભિનય અને 'વર્દી મેં વિનમ્રતા ભી ધમકી લગતી હૈ' કે 'ઈમાનદારી કે એવોર્ડ મેં સબસે જ્યાદા બેઈમાની હોતી હૈ' જેવા ચોટદુક ડાયલોગ્સ ફિલ્મની ટેકનીકલ ઉણપો અને પ્રમાણમાં નબળી સિનેમેટોગ્રાફીને ઢાંકી દે છે . ફિલ્મ લોકશાહી, મતદાન અને મતદારોની સાથે સાથે શહેરોની ઝાકઝમાળથી દુર જીવન જીવતા આદિવાસીઓ અને એની સમસ્યાઓ જેવી એકદમ ભારે વાત પણ સાવ જ હલકા-ફૂલકા અંદાઝમાં કહી જાય છે.

ઓસ્કારની રેસ હોય અને વિવાદ ના થાય એવું તો બનતું હશે ? સૌથી પહેલા તો એ સમાચાર આવ્યા કે 'ન્યુટન'ની ઓસ્કાર એન્ટ્રીથી પ્રિયંકા ચોપરા નારાઝ છે કેમકે એણે પ્રોડ્યુસ કરેલી મરાઠી ફિલ્મ 'વેન્ટીલેટર' ઓસ્કાર માટે સિલેક્ટ થશે એવી એને પૂરી ખાતરી હતી, ન્યુટનની એન્ટ્રીથી એ નારાઝ કરતા નિરાશ વધુ થઈ હશે . જો કે ખાલી 'વેન્ટીલેટર' જ શુકામ, 'ન્યુટને' દંગલ જેવી સુપરહિટ અને 'મુકતીભવન' જેવી ઓર એક સ્મોલ બજેટ પણ દમદાર ફિલ્મોને ઓસ્કારની રેસમાં પાછળ રાખી દીધેલ છે. ખેર આ વિવાદ હજુ ઠંડો પડે એ પહેલા એવું બહાર આવ્યું છે કે 'ન્યુટન' એ ૨૦૦૧મા બનેલી અને દેશવિદેશના ફિલ્મ ફેસ્ટીવલ્સમાં બહુ જ વખણાયેલી તેમજ ઈનામો જીતેલી ઈરાનીયન ફિલ્મ 'સિક્રેટ બેલેટ' ની નકલ છે અને આ વિવાદનું કારણ એ છે કે બંને ફિલ્મોની વાર્તા એકદમ મળતી આવે છે, વાર્તા જ નહિ પણ જાણકારોના કહેવા મુજબ અમુક દ્રશ્યો અને સિચ્યુએશન પણ સેઈમ છે. 'ન્યુટન' ની જેમ જ ઈરાનીયન ફિલ્મમાં પણ એકદમ અંતરિયાળ વિસ્તારમાં ચૂંટણી ફરજ બજાવવા ગયેલી યુવતી અને એક સલામતી રક્ષક છે. થોડા વર્ષો પહેલા ઓસ્કાર માટે નોમીનેટ થયેલી 'બરફી'

અનુસંધાન પાના નં. ૭ પર

## વિસરાતી વાનગી

### થેપા લાડુ

**સામગ્રી :**

ઘઉંનો કરકરો લોટ - ૫૦૦ ગ્રામ, ચણાનો લોટ - ૨ ટેબલ સ્પૂન, ગોળ - ૨૫૦ ગ્રામ, ઘી (દેશી) - ૩૦૦ ગ્રામ, ઈલાયલી પાવડર, ૧/૨ સ્પૂન, જાયફળ પાવડર - ૧ ચપટી (પીંચ), મોવણ માટે ઘી - ૫૦ ગ્રામ, અધકચરા શેકેલા તલ - ૨ ટી સ્પૂન, બૂરું ખાંડ - ૨૫ ગ્રામ.

**બનાવવાની રીત :**

ઘઉંના લોટમાં ચણાનો લોટ અને મોવણ નાંખી હૂંફાળા પાણીથી લોટ બાંધવો.

૧/૨ ઈંચ જાડી ભાખરી (ઠેઠા) આડણી (ઓરશીયા) ઉપર હાથથી (થેપીને) દબાવીને તેમાં આંગળીથી કાણાં પાડી, હળવાં તાપે શેકી લેવા.

થોડા ઠંડા થાય એટલે ખાંડી લેવા (ક્રશ કરવા) અને ચાળણીથી ચાળી લેવાના. તેમાં ઝીણો સમારેલો ગોળ - ઘી - ઈલાયચી પાવડર - જાયફળ પાવડર નાંખી બરાબર મિક્સ કરી, ઘી લગાડેલી થાળીમાં થેપી લેવું. ઉપર બૂરું ખાંડ ભભરાવી, પીસ કરવા.

(ભારત વિકાસ પરિષદ આયોજીત કાર્યક્રમ 'વિસરાતી વાનગી સ્પર્ધા'ની વાનગીઓ)